# પંચદેવ મંદિરનાં સાંનિધ્યમાં રક્તદાન શિબિર યોજાયો





ગાંધીનગર, તા. ૧૯
શ્રી મેલડી માતાજી શક્તિપીઠ, રામોસણની પ્રેરણાથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા અને સૅક્ટર-૨૨ વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે પંચદેવ મંદિરનાં સાંનિધ્યમાં રવિવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિર અંતર્ગત ૫૮ બૉટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. પંચદેવ મંદિરના ભાનુપ્રસાદ મહારાજ અને નગરસેવક હર્ષાબા ધાધલે ૫૦મી વખત રક્તદાન કર્યું હતું. ફાયર બ્રિગેડમાં નવા ભરતી થયેલા ૧૪ યુવાનોએ પ્રથમ વખત રક્તદાન કરી પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. માતાજીના ઉપાસક આશિષભાઈ પંડિત, વનરાજસિંહ ચાવડા (પૂર્વ પ્રમુખ, રાજપૂત સમાજ) તથા જિલ્લા રેડ ક્રોસના શાભાઈ, નરેન્દ્રભાઈ રાવલ, અશ્વિનભાઈ દવે, હેમાંગ દોશી, કૌશિકભાઈ ભટ્ટ, મનસુખભાઈ સોલંકીએ આ ઉપક્રમ માટે પોતાની સેવાઓ પૂરી પાડી હતી.


આ સાથે રાંધેજા રોડ પર સ્થિત મેલડી માતાના મંદિરે પણ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત ૧૮ બૉટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ડૉ. પરાગી ગાંધી અને તેમની ટીમ દ્વારા સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગરના સૌજન્યથી તબીબી સેવા પૂરી પાડવામાં આવી હતી.

માતાજીના ઉપાસક પ્રવીણસિંહ ઠાકોર ઉપરાંત જિલ્લા રેડ ક્રોસના જી કે ત્રિવેદી તથા જીલુભા ધાધલ દ્વારા આ ઉપક્રમ માટે સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. સિનિયર સિટિઝન્સો બંને કૅમ્પમાં ઉપસ્થિત રહી રક્તદાતાઓને ભેટ-સોગાદો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



કુંપલ દવે



જીહાન મેહુલકુમાર મણિયાર

## બ્રહ્મભવન ખાતે યોજાયો રક્તદાન શિબિર



હૅપ્પી યુથ ક્લબ, ગાંધીનગર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના ઉપક્રમે બ્રહ્મભવન, સૅક્ટર-૧૬ ખાતે રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ૨૮ બૉટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. કલોલ બ્લડ બૅન્કના દિલીપભાઈ દવે અને તેમની ટીમ દ્વારા રક્ત એકત્ર કરવાની સેવા પૂરી પાડવામાં આવી હતી. રેડ ક્રોસના સેવાભાવી સભ્ય સુકેતુ મહેતા દ્વારા આ કૅમ્પમાં ૧૩૮મી વખત રક્તદાન કરીને પ્રશસ્તિ પ્રાપ્ત કરવામાં આવી હતી. હૅપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી દ્વારા પક્ષી પરબ માટે સિમેન્ટનાં મોટાં કુંડાંની ભેટ ધરવામાં આવી હતી. જિલ્લા રેડ ક્રોસના હિતેષભાઈ રાવલ અને જી કે ત્રિવેદીએ આ કૅમ્પ માટે પોતાની સેવાઓ પૂરી પાડી હતી.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામમાં સેવાકાર્ય




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા બુદ્ધપૂર્ણિમા નિમિત્તે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે જરૂરિયાતમંદ એવા ૯૫ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને ચપ્પલની ભેટ ધરવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં મિલિન્દભાઈ, સંદીપસિંહ, ભરતસિંહ, અતુલભાઈ અને પ્લાક્ષા જોડાયાં હતાં.

# ભાડજ મંદિર દ્વારા શ્રી નૃસિંહ જયંતિની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૯
હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે નૃસિંહ ભગવાનના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે શ્રી નૃસિંહ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભક્તોએ આ દિવસે સાંજ સુધી ઉપવાસ રાખેલ હતો. ભક્ત પ્રહલાદને તેના રાક્ષસી પિતા હિરણ્યકશ્યપુ સામે રક્ષણ આપવા સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ ભગવાન નૃસિંહ દેવરૂપે અવતર્યા હતા કે જેઓ અર્ધ સિંહ અને અર્ધ માનવના રૂપમાં હતા. હરે કૃષ્ણ મંદિર,ભાડજ ખાતે નૃસિંહ જયંતિની ઉજવણીની શરૂઆત સાંજે શ્રી નૃસિંહ યજ્ઞથી થઈ હતી. ત્યારબાદ ભગવાનશ્રી લક્ષ્મીનૃસિંહ દેવને વિવિધ પદાર્થો જેવાકે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને ૭ પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક વિધિ દરમ્યાન વિશેષ નૃસિંહ આરતી કરવામાં આવી હતી. ઉત્સવના અંત ભાગમાં ભગવાન શ્રી શ્રી લક્ષ્મીનૃસિંહ દેવની ભવ્ય મહામંગલા આરતી કરવામાં આવી હતી.

## ગાંધીજીનો વિનોદ

॥ ૩૩મો મણકો ॥

### ૮૮ - મૃત્યુ પછીની ચોકસાઈ

ગાંધીજી પોતાના આરોગ્યની ઘણી કાળજી રાખતા હતા. તેથી વૃદ્ધાવસ્થામાં પણ તેમની તબિયત ઘણી સારી રહેતી હતી. એક જણે તેમને પૂછ્યું કે બધા માણસો આપના જેવી સાતી રહેણી, ઉપવાસ અને વ્યાયામની ટેવ પાડે તો આપ માનો છો કે તેઓ સો વરસ જીવે ?

ગાંધીજી : હા, પણ એ વિશે ચોક્કસ તો હું મરી જાઉં ત્યારે જ તમે કહી શકો.

150 ગાંધીયાત્રા

### ૮૯ - પોલીસને નહીં બોલાવું

ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ઈંગ્લેન્ડ ગયા હતા ત્યારે એક દિવસ 'ઐચ્છિક ગરીબાઈ' એ વિષય પર તેમણે ગિલ્ડ હાઉસમાં વ્યાખ્યાન આપ્યું હતું. આ કંઈ કેવળ બૌદ્ધિક દૃષ્ટિએ ભાષનો વિષય ન હતો. પણ ગાંધીજીને માટે એ એક જીવનની અનુભૂતિ હતી. જીવનમાં ભૌતિક સાધનોની વિપુલતા અને સુખી જીવનના આગ્રહી લોકોને માટે આ વિષય કુતૂહલપ્રેરક હતો. તેથી ગાંધીજીનું દૃષ્ટિબિંદુ સમજવા માટે લોકો એટલી મોટી સંખ્યામાં આવ્યા કે સભાગૃહ ચિક્કાર ભરાઈ ગયું હતું. કેટલાક વક્તાઓ નાટકી ઢબે બોલીને શ્રોતાઓનું મનોરંજન કરે છે. ગાંધીજી એવા વક્તા ન હતા. છતાં તેમની વાણીમાં કોઈ અજબ જાદુ ભરેલું હતું. એમના શબ્દો અંતરના ઊંડાણમાંથી આવતા હતા. તેમાં સત્યનો રણકાર હતો. તેમણે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સભામાં અપાર શાંતિ અને ગંભીરતા વ્યાપી ગયાં. ભાષણ પૂરું થયા પછી ગાંધીજીએ જ પ્રશ્નોને આવકાર્યા.

કોઈકે પૂછ્યું, મિ. ગાંધી. અકિંચન બનવું એટલે શું ?

ગાંધીજી : અકિંચન બનવું એ પહેલવહેલાં તો શરીર પરથી કપડાં ઉતારવા જેવું નહીં પણ હાડકાં પરથી માંસ ઉતારવા જેવું લાગે છે. પણ જો તમે મને પૂછો કે મિ. ગાંધી તમે તો સુતરાઈ કાપડનો કચ્છ પહેરો છો. તમે અકિંચન છો, એમ તમે કેમ કહી શકો ? તો હું જવાબ આપું કે જ્યાં લગી હું શરીર ધારણ કરું છું ત્યાં લગી એને કશાકથી ઢાંકવું તો જોઈએ જ. પણ... (તેમણે અતિશય મોહક સ્મિત કરીને કહ્યું) એ કકડો કાપડ પણ અહીં કોઈને મારી પાસેથી લેવું હોય તો લઈ લે. હું પોલીસને નહીં બોલાવું.

ગાંધીજીના રક્ષણ માટે બ્રિટિશ સરકારે પોલીસોની ટુકડી મોકલી હતી તે પોલીસો પણ આ કથન સાંભળતા હતા. તેઓ આ વાક્ય સાંભળી ખડખડાટ હસી પડ્યા અને શ્રોતાજનો પણ હસવાનું રોકી શક્યા નહીં.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# શિક્ષણના ઉદ્દેશની પરિપૂર્તિ : માતૃભાષા શિક્ષણ

**માતૃભાષા-ચિંતન**
હર્ષદ પ્ર. શાહ

શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા અનેકવિધ ઉદ્દેશોની પરિપૂર્તિ કરવાની છે. એનો મોટામાં મોટો અને અતિ મહત્ત્વનો ઉદ્દેશ છે - માનવને સાચા અર્થમાં માનવ બનાવવો. માનવની સર્વ પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિઓનું ઉન્નયન થાય તો જ આ ઉદ્દેશ સિદ્ધ થાય. કુદરતના નિયમને અધીન મનુષ્યનું સ્ખલન - પતન સહજ અને સ્વાભાવિક છે. એ માટે કોઈ વિશેષ પ્રયત્ન કે પુરુષાર્થની જરૂર નથી. પણ એને ઊર્ધ્વગામી બનાવવા માટે અણથક અને યોગ્ય દિશાના પ્રયત્નોની જરૂર હોય છે. આ પ્રયત્નોનું બીજું નામ શિક્ષણ. જીવનની પ્રત્યેક ક્ષણને શિષ્ટ બનાવે તેનું નામ શિક્ષણ.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ સંદર્ભે વિચારવાની દિશા બદલાઈ છે. સારી ડિગ્રી અપાવી દે... સારી નોકરી અપાવી દે... સારા પૈસા કમાઈ આપે તેવા શિક્ષણને સારું શિક્ષણ માનવામાં આવે છે. શિક્ષણનું કલેવર બદલાયું, તત્ત્વ બદલાયું.... તેને કારણે સત્ત્વ પણ બદલાયું. મનુષ્યની ગુણવત્તા કે એના ચારિત્ર્ય સાથે એનો કોઈ સંબંધ રહ્યો નથી. મનુષ્યને શ્રેષ્ઠ બનાવવાના શિક્ષણના અત્યુચ્ચ ઉદ્દેશને બદલે એનો વાણિજ્યિક, વ્યાપારિક અને ઉપભોગજન્ય ઉદ્દેશ વધુ વ્યાવહારિક અને પ્રચલિત બન્યો. સાધ્ય (લક્ષ્ય) બદલાયું એટલે સાધન પણ બદલાયું. શિક્ષણની દિશા આમ ફંટાવાને લીધે 'શિક્ષણ'નાં દિવ્ય પરિણામોથી આપણે વંચિત થતા જઈએ છીએ... અને એના છીછરાપણાની આડઅસરોના શિકાર બની રહ્યા છીએ. શિક્ષણ એટલે કેવળ ભૌતિક વિકાસ, એને આધ્યાત્મિકતા સાથે કે ધર્મ સાથે કંઈ લેવા-દેવા નથી એવી ભ્રમણા ઉત્પન્ન થઈ. ફીરકીમાં દોરીનો છેડો જેમ ખોવાઈ જાય તેમ આપણા જીવનમાંથી શિક્ષણનો સાચો અર્થ ખોવાઈ ગયો.

સાધન ખોટું, વિચાર ખોટો, દિશા ખોટી.... તો સાધ્ય કેવી રીતે સિદ્ધ થશે ? લક્ષ્ય સુધી પહોંચી જ નહીં શકાય. એક સ્થિતિ એવી પણ આવી શકે કે લક્ષ્ય જ ઓઝલ થઈ જાય.

અહીં એવું સમજાય છે કે મનુષ્ય શ્રેય અને પ્રેય વચ્ચે અટવાયો છે. જે પ્રિય છે તે શ્રેયસ્કર નથી અને જે શ્રેયસ્કર છે તે પ્રિય નથી. વિવેકબુદ્ધિના ભયાનક હ્રાસની દુર્ઘટના સર્જાઈ છે. અંગ્રેજી ભાષાની અસીમિત ઘેલછા અત્યારે અતિ પ્રિય છે, પણ તે શ્રેયસ્કર નથી. માતૃભાષા શ્રેયસ્કર છે, પણ તે પ્રિય નથી. સમજાતું નથી કે સમજવા માગતા નથી. દુર્યોધન જેવી સ્થિતિ છે :

જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ।
જાનામિ અધર્મં ન ચ મે પ્રવૃત્તિ॥

અનેક લોકો મૅકોલેમાર્ગે ચાલી રહ્યા છે, માટે આપણેય ચાલો! કોઈને મહર્ષિમાર્ગ દેખાતો જ નથી ? અનેક લોકો ગુલામીની બેડીઓને મજબૂત કરવા આમ-તેમ દોડી રહ્યા છે, આપણેય દોડો ! અંગ્રેજિયત નામની ભૂતાવળે આપણને એવા તો આંજી નાખ્યા છે કે આપણે આપણું નૂર, આપણું તેજ, આપણું ઓજ સાવ ગુમાવી બેઠા છીએ. જગત આખું જે સમજે છે તે આપણને સમજાતું નથી... કહો કે આપણે સમજવા તૈયાર નથી !

ખરેખર તો જે સાચી રીતે કે સારી રીતે સમજવું જોઈએ તે... એટલે કે અંગ્રેજી ભાષા.... એક ભાષા તરીકે અંગ્રેજી ભાષા... તે તો આપણે સમજતા પણ નથી. આપણે સમજીએ છીએ કેવળ 'અંગ્રેજિયત' ! પોતાના બાળકને કે.જી., નર્સરી કે પ્લે ગૃપ જેવાં રૂપાળાં નામ ધરાવતાં સ્થાનોમાં... બંગલામાં કે મહેલમાં... ઍડમિશન અપાવી દીધું એટલે મહામિશન પત્યું ! મોકળું રહેવા, રમવા, દોડવા ટેવાયેલું બાળક કવેળાએ, એના શૈશવના ભોગે બૂટ-મોજાં અને ટાઈમાં ગંઠાઈ જાય છે. આ પ્રક્રિયા વૈજ્ઞાનિક છે કે અવૈજ્ઞાનિક, બાળકના હિતમાં છે કે અહિતમાં એ સમજવાની સૂધબૂધ પણ એ બાળકના હિતચિંતક માતાપિતા ગુમાવી બેસે છે. આમાં કદાચ વધુમાં વધુ જવાબદાર હું માતાઓને ગણું છું. કદાચ અંગ્રેજી માધ્યમમાં બાળકને મૂકવાની સૌથી વધારે જીદ માતાની જ હોય છે... બાળકને જન્મ એણે આપ્યોને ? કોઈનુંય આ બાબતમાં ન જ માનવું એવો બાળક પ્રત્યેનો માલિકીભાવ એ દર્શાવે છે. જે આ શ્રેણીમાં નથી આવતી એવી બધી સમજુ માતાઓ મને માફ કરે !

આ બધું એટલું તો પારિવારિક અને સામાજિક અસંતુલન સર્જશે જેની કોઈ સીમા નહીં હોય. બાળક માટે પણ વડીલો દ્વારા સર્જાતું મનોવૈજ્ઞાનિક અસંતુલન અસહ્ય પરિસ્થિતિ નિર્માણ કરશે. ખબર નથી, આ વાનરનકલ શું શું નહીં કરે. મૌલિકતા, સર્જનશીલતા, કલ્પનાશિલતા, સંવેદનશીલતા અને માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા... આ બધાનો ક્ષય મને આ વિષયમાં દેખાય છે. કોઈ મને નિરાશાવાદી કહે તો ભલે કહે. હા, માતૃભૂમિ અને માતૃભાષા પ્રત્યેની અમર્યાદ ઉપેક્ષા આવું કરી શકે.

આધુનિકતાના નામે આપણી પૂરપાટ દોડતી ગાડી એક એવા વળાંક પાસેથી પસાર થઈ રહી છે જેની એક બાજુ ઊંડી ખાઈ છે. સંતુલન ગુમાવીશું તો એ ખાઈમાં ગબડીશું. આ પરિસ્થિતિમાંથી બચવાનો એક જ ઉપાય છે - આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ સાથે આપમું અભિન્ન જોડાણ અને માતૃભાષા દ્વારા સંસ્કૃતિની સમજ.

શિક્ષણના વિવિધ ઉદ્દેશો અને આયામો સાથે આપણી માતૃભાષા અને બધી ભારતીય ભાષાઓનો ગહન સંબંધ છે. એ સમજવાથી માતૃભાષાનું તેજ અને એની ગરિમાનો તાગ મેળવી શકાશે.

મનુષ્યના ચારિત્ર્યનાં વિવિધ પાસાઓને સજાવવાનું... પહેલ પાડવાનું કામ શિક્ષણ જ કરે છે. મનુષ્ય-વિકાસના વિવિધ આયામોને નાજુક અને હૂંફાળો સ્પર્શ કરવાની ક્ષમતા પણ શિક્ષણમાં જ છે. મનુષ્યજીવનનાં અને આ સૃષ્ટિનાં રહસ્યોને ઉદ્‌ઘાટિત કરવાનું કામ પણ શિક્ષણ જ કરી શકે. પણ, આ સમગ્ર પ્રક્રિયામાં ભાષા પ્રત્યાયનનું-સંપ્રેષણનું મહત્ત્વપૂર્ણ કામ કરે છે. ભાષા... શબ્દ, અર્થ અને ભાવ જ ન હોય તો ઘટનાનું કે વિચારોનું ચિત્ર શી રીતે ઉપજાવી શકાય ? ભાષા દ્વારા સમજ અને સમજ થકી વ્યવહાર સર્જાય છે. મન-મસ્તિષ્કમાં અવિરતપણે ચાલતો વિચારપ્રવાહ માતૃભાષામાં જ ચાલતો હોય છે. તેથી જ્ઞાન-વિજ્ઞાન દ્વારા મનુષ્યના થતા સમગ્ર વિકાસમાં માતૃભાષાનું અનન્ય મહત્ત્વ છે.

શિક્ષણનો ઉદ્દેશ છે એવા મનુષ્યો નિર્માણ કરવા
જેની વૃત્તિમાં વિજય હોય,
જેના હૃદયમાં ભક્તિ હોય,
જેના શરીરમાં શક્તિ હોય અને
જેના સ્વભાવમાં અનુશાસન હોય.

આટલી બધિ સિદ્ધિઓના સ્વામી બનવું હોય તો એનો રાજમાર્ગ... એકમાત્ર માર્ગ છે -
માતૃભાષામાં શિક્ષણ !
ન અન્ય પંથા : ।